તારીખ : 15/08/2025

# શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ

## સાવરકુંડલા દ્વારા

## સાવરકુંડલા શહેરમાં સૌ પ્રથમવાર હિન્દુ હૃદય સમ્રાટ



# શ્રી ડો. પ્રવિણભાઇ તોગડીયા સાહેબનું

## આઠમના દિવસે સાવરકુંડલામાં આગમન

સાવરકુંડલા શહેરની સનાતની હિન્દુ ધર્મપ્રેમી જનતાને પધારવા હાર્દિક નિમંત્રણ

મટકી ફોડ ઉત્સવ અને ભવ્ય શ્રી કૃષ્ણ જન્મોત્સવ તેમજ ઠાકોરજીની ઝાંખીના દર્શન તા. ૧૬/૮/૨૦૨૫, શનિવાર, મધ્યરાત્રી ૧૨:૦૦ કલાકે


**સાતમના દિવસે**
તારીખ : ૧૫/૮/૨૦૨૫, શુક્રવાર
સમય : રાત્રે ૯:૦૦ કલાકે

સાવરકુંડલાની પાવન ધરા પર સૌ પ્રથમવાર
લાઇવ દ્વારકા મંદિરનાં અદ્‌ભુત દર્શન
(મને વ્હાલો લાગે છે મારા દ્વારકાનો ઠાકર)

**આઠમના દિવસે** (તારીખ : ૧૬/૮/૨૦૨૫, શનિવાર)

**અન્નકોટ દર્શન**
સાંજે ૪:૦૦ કલાકે
દાતાશ્રી : જય માતાજી સ્વીટ માર્ટ, (દેવળાગેઇટ)

સમગ્ર ગુજરાતમાં સર્વપ્રથમ શો
**શ્રી વ્રજલીલા ઉત્સવ**
હરિહર ડાન્સર્સ ગૃપ અમરેલી દ્વારા પ્રસ્તુત
રાત્રે ૯:૦૦ કલાકે



મુખ્ય અતિથિ : હિન્દુ હૃદય સમ્રાટ
**શ્રી ડો. પ્રવિણભાઇ તોગડીયા સાહેબ**
રાષ્ટ્રીય અધ્યક્ષ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ
તા. ૧૬/૮/૨૦૨૫, શનિવાર



સમગ્ર કાર્યક્રમ
કબીર ટેકરીના મહંતશ્રી
**પુ. નારાયણદાસ સાહેબજીનાં**
આશિર્વાદથી યોજાશે.

V.H.RC

## સમગ્ર કાર્યક્રમનાં મુખ્ય યજમાનશ્રીઓ

Ellora Ice Creams



શ્રી રસિકભાઇ વેકરીયા



શ્રી હિરેનભાઇ વેકરીયા



શ્રી પ્રશાંતભાઇ વેકરીયા

Ellora Ice Creams

શ્રી મુકેશભાઇ ગોહીલ
શ્રી આકાશભાઇ ગોહીલ
શ્રી મોહીતભાઇ ગોહીલ

# શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ - સાવરકુંડલા

## સ્થળ : દેવળાગેઇટ, સાવરકુંડલા

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા...

# ભારતનો સ્વતંત્રતા દિવસ

ભારત દેશના સ્વતંત્રતા દિવસ તરીકે ૧૫મી ઓગસ્ટના દિવસને ઉજવવામાં આવે છે. ઈ.સ. ૧૯૪૭નાં વર્ષમાં આ દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો, આથી આઝાદીની લડતમાં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી તેની ખુશીમાં દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે જાહેર કરવામાં આવેલો છે. દેશનાં તમામ કાર્યાલયોમાં આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે. આખા દેશમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (રાજ્ય સરકારો, જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતો) દ્વારા ધ્વજ વંદનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મુખ્ય સમારંભ નવી દિલ્હીમાં ઉજવવામાં આવે છે જેમાં ભારતના વડાપ્રધાન લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવે છે અને પ્રજાજોગ સંદેશ આપે છે, જેનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આ સંદેશામાં તેઓ સરકારની પાછલા વર્ષની સિદ્ધિઓ વર્ણવે છે, મહત્ત્વનાં મુદ્દાઓ જણાવે છે અને વધુ પ્રગતિ તથા વિકાસ માટે દેશને પડકાર કરે છે. વડા પ્રધાન આઝાદીની ચળવળનાં નેતાઓને શહિદોને શ્રદ્ધાંજલિ આપે છે અને સ્વાતંત્ર્ય સેનાનિઓને યાદ કરે છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન, વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વિગેરેની ઝાંખી, ભારતની શસ્ત્ર તાકાતનું નિદર્શન અને દેશના સુરક્ષા દળોની પરેડ આ ઉજવણીનું અભિન્ન અંગ છે.ભારત દેશની રાજધાની દિલ્હી ખાતે ફરકતો ત્રિરંગોઉજવણીસ્વતંત્રતા દિવસ એ ભારતના ત્રણ રાષ્ટ્રીય તહેવારોમાંથી એક છે (અન્ય બે છે ૨૬ જાન્યુઆરી- પ્રજાસત્તાક દિવસ અને ૨ ઓક્ટોબર - ગાંધીજયંતિ). ભારતનાં બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એ મનાવવામાં આવે છે. સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ ભારતના રાષ્ટ્રપતિ "રાષ્ટ્ર જોગ સંદેશ" આપે છે, તેમજ ૧૫મી ઓગસ્ટના રોજ વડા પ્રધાન દિલ્હીના લાલ કિલ્લા પર ભારતીય ધ્વજ ફરકાવે છે. તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળના નેતાઓને ક્રાંતિકારીઓ નેશ્રદ્ધાંજલિ આપે છે. ભારતનું રાષ્ટ્રગીત "જન ગણ મન" ગવાય છે. ભાષણ પછી ભારતીય સશસ્ત્ર દળ અને અર્ધ સૈન્ય દળોના વિભાગોના કદમતાલ (માર્ચ પાસ્ટ) આવે છે. કવાયત અને પ્રદર્શની સ્વતંત્રતા સંગ્રામ અને ભારતની વિવિધ સાંસ્કૃતિક પરંપરાના દ્રશ્યો દર્શાવે છે. આવી જ ઘટનાઓ રાજ્યની રાજધાનીઓમાં થાય છે જ્યાં વ્યક્તિગત રાજ્યોના મુખ્યમંત્રીઓ રાષ્ટ્રધ્વજ લહેરાવે છે, ત્યારબાદ કવાયત અને અનુક્રમણિકા અનુસાર કાર્યક્રમ થાય છે. ૧૯૭૩ સુધી રાજ્યપાલો રાજ્યની રાજધાનીઓમાં રાષ્ટ્રધ્વજ ફરકાવતા હતા ફેબ્રુઆરી ૧૯૭૪માં તમિળનાડુના મુખ્યમંત્રી એમ. કરુણાનિધિએ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી પાસે આ મુદ્દો ઉઠાવ્યો કે મુખ્યમંત્રીઓને સ્વતંત્રતા દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ આપવામાં આવે. બાદમાં સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રીઓને ૧૯૭૪થી સ્વતંત્રતા દિવસની ઉજવણી પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાની છૂટ આપવામાં આવી છે.દેશભરની સરકારી અને બિન-સરકારી સંસ્થાઓમાં ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. શાળાઓ અને કોલેજોમાં ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. મુખ્ય સરકારી ઈમારતો મોટેભાગે રોશનીથી શણગારવામાં આવે છે. દેશ પ્રત્યેની નિષ્ઠાના પ્રતીક માટે વિવિધ કદના રાષ્ટ્રધ્વજનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થાય છે. તો ચાલો આજના દિવસે આપણે જવાનું ને યાદ કરીએ તેની સુખાકારી માટે પ્રાર્થના કરીએ અને આજે આપણો આઝાદી દિવસ છે ત્યારે આપણી આઝાદીમાં છે ને પોતાનું યોગદાન આપ્યું છે એમના ચરણોમાં વંદન કરીએ.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શીતળા સાતમ...



શીતળા માતા હિંદુ ધર્મના લોકોની દેવી તરીકે પૂજાય છે. શીતળા માતાનું પ્રાચીન કાળથી અધિક માહાત્મ્ય રહ્યું છે. સ્કંધપુરાણમાં શીતળા માતાના વાહન તરીકે ગર્દભ (ગધેડું) દર્શાવવામાં આવેલ છે. માતાના હાથોમાં કળશ (લોટો), સૂપ (પંખો), માર્જન (ઝાડુ) અને લીમડાનાં પાંદડાં ધારણ કરેલી દર્શાવાવામાં આવેલ છે. માતાને શીતળા જેવા રક્તસંક્રમણના રોગોની દેવી તરીકે દર્શાવવામાં આવેલ છે. આનું પ્રતિકાત્મક મહત્વ છે, જેમ કે પંખા વડે હવા નાખી રોગીના શરીરની બળતરા શાંત કરવી, ઝાડુ વડે ફોડલા ફફોડી શકાય, કળશના ઠંડા જળથી શરીરને ઠંડુ કરી શકાય તેમ જ લીમડાના પર્ણો વડે ફોડલાને સડવાથી બચાવી શકાય. ગર્દભની લાદના લેપનથી શીતળાના ડાઘ મટી શકે છે.શીતળા સાતમ ખાસ કરીને નાના બાળકોને સારું આરોગ્ય રહે તથા રક્ષા મળે તેનો તહેવાર છે. બીજી બાજુ જોઈએ તો શીતળા સાતમનું મહત્ત્વ ભાતીગળ મેળા માટે પણ છે. તો આજના દિવસે શીતળા માતાજી ના ચરણોમાં વંદન કરીએ. અને દરેક માતા અને સંતાનો ના સુખાકારી માટે પ્રાર્થના કરીએ.જય શીતળા માતાજી

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# જન્માષ્ટમી...

જન્માષ્ટમી કૃષ્ણ ના જન્મ દિવસ નિમિત્તે, શ્રાવણ વદ આઠમ તિથિ (કૃષ્ણ પક્ષ) ના દિવસે ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. તેને કૃષ્ણજન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે.આ વાર્ષિક હિંદુ તહેવાર વિષ્ણુનાં આઠમાં અવતાર શ્રી કૃષ્ણનાં જન્મ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દર વર્ષે ગ્રેગોરીયન પંચાંગ પ્રમાણેના ઓગસ્ટ કે સપ્ટેમ્બર માસમાં આ તહેવાર આવે છે. દ્વારકા અને મથુરા સહિત વિશ્વભરનાં કૃષ્ણ મંદિરોમાં જન્માષ્ટમીની રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી તથા આરતી, પૂજાના કાર્યક્રમો હોય છે.આ દિવસે લોકો ઘરમાં ગોકુળિયુ સજાવે છે અને વિવિધ વાનગીઓ સાથે કૃષ્ણજન્મોત્સવ ઉજવે છે. આઠમના દિવસે કૃષ્ણજન્મના સમય એટલે કે રાત્રિના ૧૨ વાગ્યા સુધી ઉપવાસ રાખે છે અને બીજા દિવસે સવારથી જ ગોવિંદાઓની ટોળીઓ મટકી ફોડ માટે નીકળી પડે છે. ક્યારેક સંતાનપ્રાપ્તિ માટે કે ક્યારેક સંતાનપ્રાપ્તિની ખુશીમાં મટકી ફોડ કરાવવામાં આવે છે. ફૂટેલી માટલીની ટુકડીને તિજોરીમાં રાખવી શુકનવંતી માનવામાં આવે છે. મોટા શહેરોમાં મટકી ફોડ માટે ઈનામો પણ રાખવામાં આવે છે.હિંદુ અવતારવાદ અને ભાગવત પુરાણ પ્રમાણે કૃષ્ણ એ વિષ્ણુનો અવતાર છે. તેઓ વસુદેવ અને દેવકીનાં પુત્ર છે. શ્રાવણ વદ આઠમની મધ્યરાત્રીએ મથુરાનાં કારાગૃહમાં જન્મ, અને પછી તુરંત તેમના પિતા તેમને યમુના (નદી) પાર કરી ગોકુળમાં નંદરાય અને યશોદાને ત્યાં મુકી આવ્યાની કથા જાણીતી છે. તો ચાલો ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં વંદન કરીએ બધાની સુખાકારી માટે પ્રાર્થના કરીએ અને જય શ્રી કૃષ્ણના નાદ સાથે આપણે પણ કૃષ્ણના જન્મોત્સવમાં હર્ષ અને ઉલ્લાસ સાથે જોડાઈએ.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૦૧

T & C APPLY*

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી માન્ય...

ઓર્નિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા.

ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું લાલ કિલ્લા પરથી 12મું સંબોધન..





15 ઓગસ્ટ 2025 શુક્રવારના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું લાલ કિલ્લા પરથી 12મું સંબોધન કહ્યું- સ્વતંત્રતાનું આ મહાપર્વ 140 સંકલ્પોનું પર્વ છે, દેશવાસીઓ તિરંગાના રંગમાં રંગાયા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી લાલ કિલ્લા પરથી 12મી વખત રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા છે. તેમણે કહ્યું, 'મારા પ્રિય દેશવાસીઓ, સ્વતંત્રતાનું આ મહાપર્વ 140 સંકલ્પોનું પર્વ છે. સ્વતંત્રતાનું આ પર્વ સામૂહિક સિદ્ધિઓ, ગૌરવનો પર્વ છે. હૃદય ઉત્સાહથી ભરેલું છે. દેશ એકતાની ભાવનાને મજબૂત બનાવી રહ્યો છે. 140 કરોડ દેશવાસીઓ તિરંગાના રંગોમાં રંગાયેલા છે. દરેકસ્વતંત્રતાનું આ પર્વ સામૂહિક સિદ્ધિઓ, ગૌરવનો પર્વ છે. હૃદય ઉત્સાહથી ભરેલું છે. દરેક ઘરમાં તિરંગા છે. ભારતના દરેક ખૂણામાંથી, હિમાલય હોય કે રણ કે દરિયા કિનારો, દરેક જગ્યાએ એક જ પડઘો ગુંજી રહ્યો છે- આપણી માતૃભૂમિની સ્તુતિ, જે આપણા જીવન કરતાં પણ પ્રિય છે.'

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જાહેર નિમંત્રણ

## શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ટ્રસ્ટ

# ૯૭ મો વાર્ષિકોત્સવ
# ભવ્ય અંગ કસરતનો શો

સાવરકુંડલા શહેરના બાળકો અને યુવાનોની તંદુરસ્તી માટે ૯૭ વર્ષથી કાર્યરત વ્યાયામશાળામાં ૯૭ મો પારંપરિક વાર્ષિક ઉત્સવ ઉજવી રહ્યા છીએ. તો આ કાર્યક્રમમાં સાવરકુંડલાની જનતાને પધારવા ભાવભર્યુ નિમંત્રણ છે.

## જન્માષ્ટમી ઉત્સવ કાર્યક્રમ

| : તારીખ : | : ધ્વજ વંદન : | : સાંસ્કૃતિક કાર્યક્રમ : |
|---|---|---|
| ૧૫/૮/૨૦૨૫, શુક્રવાર | સવારના ૯:૩૦ કલાકે | રાત્રીના ૮:૩૦ કલાકે |

| : તારીખ : | : પ્રભાત ફેરી : | : સંસ્થાગત ધ્વજ વંદન : | સાધારણ સભા |
|---|---|---|---|
| ૧૬/૮/૨૦૨૫, શનિવાર | સવારના ૮:૩૦ કલાકે | સવારના ૯:૩૦ કલાકે | સવારના ૧૦:૩૦ કલાકે |

**અંગ કસરતનો ભવ્ય શો : તા. ૧૬/૮/૨૫, સમય : રાત્રીના ૮:૩૦ કલાકે**

**: સમારંભના અધ્યક્ષશ્રી :**
**માનનીયશ્રી ગોપાલભાઈ વસ્તરપરા (ચમારડીવાળા, હાલ : સુરત)**

**અતિથિ વિશેષશ્રી : માન.શ્રી સ્નેહલભાઈ કરસાલા (આર્કીટેકટ, સુરત)**

## જન્માષ્ટમી ઉત્સવ કમિટી

શ્રી પ્રફુલ્લભાઈ મગીયા (કન્વીનર, મુંબઈ) * શ્રી મુકુંદભાઈ નાગ્રેચા (કન્વીનર, સાવરકુંડલા)
શ્રી શશીકાંતભાઈ કાનાણી (કન્વીનર, અમદાવાદ)

## ટ્રસ્ટ સંચાલિત વિભાગના વડાઓ

વજુભાઈ બોરીસાગર (પ્રિન્સીપાલ, આઈ.પી. શાહ પ્રાથમિક શાળા)
રિદ્ધીબેન સોમૈયા (પ્રિન્સીપાલ, એમ.એલ. શેઠ ઈંગ્લીશ મીડી. સ્કુલ)
ધર્મેશભાઈ રાઠોડ (પ્રિન્સીપાલ, એસ.આર. દોશી માધ્યમિક શાળા)
કેતનભાઈ કે. રાવલ (પ્રિન્સીપાલ, સંસ્કાર વિદ્યાલય)
તથા સમગ્ર ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમ સ્ટાફગણ

**નિમંત્રક : સંદીપકુમાર ડી. ખડદીયા (કેમ્પસ ડાયરેક્ટર)**

### ટ્રસ્ટી મંડળ

જયંતિલાલ આર. દોશી (પ્રમુખ)
પ્રવિણભાઈ પારેખ (એક્ટિંગ પ્રેસીડન્ટ)
ડો. દિપકભાઈ શેઠ (ઉપપ્રમુખ)
વિનુભાઈ રાવલ (મેને. ટ્રસ્ટી)
ભીખાલાલ દોશી (ટ્રસ્ટી)
ગુણવંતરાય ત્રિવેદી (ટ્રસ્ટી)
પરેશભાઈ શિયાળ (ટ્રસ્ટી)
હરેનભાઈ એમ. શેઠ (ટ્રસ્ટી)
કનુભાઈ સુચક (ટ્રસ્ટી)
રસિકભાઈ પી. હિંગુ (ટ્રસ્ટી)
સુકેતુભાઈ ડેલિવાલા (ટ્રસ્ટી)
સિરાજભાઈ ગામેતી (ટ્રસ્ટી)


**શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર**

સ્થળ : વ્યાયામ મંદિર કેમ્પસ, મહુવારોડ, સાવરકુંડલા. મો. 94269 78569

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# પુરુષોત્તમ ઉપાધ્યાય નો આજે જન્મદિવસ...




પુરુષોત્તમ ઉપાધ્યાય (૧૫ ઓગસ્ટ ૧૯૩૪ - ૧૧ ડિસેમ્બર ૨૦૨૪) એક ભારતીય સંગીતકાર, ગાયક અને સંગીતકાર હતા જેમણે મુખ્યત્વે ગુજરાતી અને હિન્દી ભાષાઓમાં કામ કર્યું હતું. તેઓ ગુજરાતી અર્ધ-શાસ્ત્રીય સંગીતમાં જાણીતા હતા અને ૨૦ થી વધુ ફિલ્મો અને 30 નાટકો માટે સંગીત આપ્યું હતું. તેમને ૨૦૧૭ માં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા .ઉપાધ્યાયનો જન્મ ૧૫ ઓગસ્ટ ૧૯૩૪ ના રોજ ઉત્તરસંડા (હવે ખેડા જિલ્લામાં , ગુજરાત , ભારત) માં થયો હતો, તેમને બાળપણથી જ સંગીતમાં રસ હતો. સંગીત સાંભળવાની તેમની રુચિની સાથે તેમનો ગાયનનો શોખ પણ વિકસ્યો. તેમણે શાળાના દિવસોમાં અભિનય માટે અનેક પુરસ્કારો જીત્યા. પરિવારને જાણ કર્યા વિના, તેઓ સંગીતમાં કારકિર્દી બનાવવા માટે પોતાનું વતન છોડીને બોમ્બે (હવે મુંબઈ) ગયા પરંતુ તકોના અભાવે પાછા ફર્યા. તેમણે ગુજરાતી થિયેટર કંપનીઓમાં કામ કરવાનું શરૂ કર્યું અને સહાયક ભૂમિકાઓમાં અભિનય કર્યો.થિયેટર અભિનેતા અશરફ ખાનનું ધ્યાન તેમના પર ત્યારે ગયું જ્યારે તેમણે મૂળ નૂરજહાં દ્વારા રજૂ કરાયેલું ગીત ગાયું . તેઓ બોમ્બે પાછા ફર્યા. અશરફ ખાનની ભલામણથી, તેમણે ઓલ ઈન્ડિયા રેડિયો , બોમ્બે સાથે ગાયનનો કરાર મેળવ્યો. તેમને સંગીત ઉદ્યોગમાં નાની-મોટી તકો પણ મળવા લાગી. તેમણે અમીરબાઈ કર્ણાટકી, અલ્લા રખા , દિલીપ ધોળકિયા અને અવિનાશ વ્યાસ સહિત અનેક કલાકારો સાથે વ્યક્તિગત સંબંધો વિકસાવ્યા . વ્યાસના માર્ગદર્શન હેઠળ, તેમણે ભારતીય વિદ્યા ભવનમાં સંગીત કાર્યક્રમોનું આયોજન કર્યું અને વ્યાસની ગેરહાજરીમાં ત્યાં સંગીત વર્ગોમાં પણ શિક્ષણ આપ્યું. તેમણે નવરંગ નાગપુરકર પાસેથી શાસ્ત્રીય સંગીતનો પણ અભ્યાસ કર્યો .ઉપાધ્યાયે ભારત અને વિદેશમાં એકલ સંગીત કાર્યક્રમોનું આયોજન કર્યું. ગુજરાતી સુગમ સંગીત (અર્ધ-શાસ્ત્રીય સંગીત) માં ગાવા ઉપરાંત, તેમણે ગઝલો ગાયા. તેમણે કલ્યાણજી-આનંદજી સાથે કામ કર્યું જ્યાં તેમને સંગીતકાર તરીકેનો અનુભવ મળ્યો. તેમણે લતા મંગેશકર , આશા ભોંસલે અને મોહમ્મદ રફી જેવા પ્લેબેક ગાયકો માટે સંગીત આપ્યું . ગુજરાતી સુગમ સંગીતના ક્ષેત્રમાં, હંસા દવે તેમના નિર્દેશન હેઠળ રજૂ કરનારા ગાયકોમાંના એક હતા. તેમણે 20 થી વધુ ફિલ્મો અને 30 નાટકો માટે સંગીત આપ્યું હતું. તેમના જાણીતા ગુજરાતી ગીતોમાં "હે રંગલો જામ્યો", "દિવાસો જુદૈના જાય છે", "એ જાશે જરુર મિલન સુધિ", "હવે મંદિર ના બરાના", "મારી કોઈ દલખી મા" અને "કહુ છુ જવાનીને" નો સમાવેશ થાય છે. ઉપાધ્યાયને બે પુત્રીઓ હતી. તેમનું 11 ડિસેમ્બર 2024 ના રોજ 90 વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું.ગુજરાત સરકારે તેમને ગુજરાતી સંગીતમાં તેમના યોગદાન બદલ ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા. 2017 માં, તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી મળ્યો. ફિલ્મોગ્રાફીઉપાધ્યાયે નીચેની ફિલ્મો માટે ગીતો રચ્યા, સહ-રચ્યા અથવા ગાયા:લીલુડી ધરતી (1968, ગુજરાતી)તકદીર (૧૯૮૩, હિન્દી)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સરળ હપ્તેથી ઘરનો પ્લોટ વસાવો..

## એ પણ તમારા બજેટમાં




શિવાજીનગર, હિંમતભાઇ તથા કિશોરભાઇ વિરાણીની વાડી,

પટેલવાડીની માત્ર 450 મીટરના અંતરે

## જુજ પ્લોટ બાકી...

અયોધ્યા રેસીડેન્સીમાં પ્લોટ લેનાર તમામ ખરીદદારો અને સમર્થકો...
આપના અપાર પ્રેમ અને સમર્થન તેમજ શુભેચ્છકો અને
સ્ટેપ બ્રોકર ટીમથી અમારા પ્રોજેક્ટને શાનદાર પ્રતિસાદ મળ્યો છે.

આ માટે અમો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આપનો વિશ્વાસ અમને શ્રેષ્ઠ સેવા આપવા પ્રેરે છે. આગળ પણ આપનો સાથ અપેક્ષીએ...

અયોધ્યા રેસીડેન્સી

: સંપર્ક :

પ્રકાશભાઇ સગર 95588 77077
ભાવેશભાઇ વાંઝા 94269 32268

92774 56798
99746 72488
94297 01119
94290 77163

## તો આવો... આજે જ તમારો સપનાનો પ્લોટ બુક કરાવો..

તારીખ : 15/08/2025

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# પવિત્ર જન્માષ્ટમીનાં તહેવાર નિમિત્તે

## શીંગપાક : રૂા. 120 (કિલો)

આખો દિવસ ડ્રાયફ્રુટ
પેટીસ તેમજ સમોસા,
વણેલા ગાઠીયા, ફાફડા
(રૂા. 30 ના 100 ગ્રામ ) (રૂા. 300 કિલો)

# ગાત્રાડ કૃપા સમોસા

કુલદીપભાઇ એન. ગઢીયા
મો. 8828162838

નવિનભાઇ બી. ગઢીયા
94286 18250

દેવળાગેઇટ, સોમનાથ દુધ ડેરીની બાજુમાં, સાવરકુંડલા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી ખાતે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો કાર્યક્રમ યોજાયો.





તા. ૧૪/૦૮/૨૦૨૫ ગુરૂવાર ના રોજ અમરેલી ખાતે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનાં કાર્યક્રમમાં ગીર સોમનાથ જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ અને પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી માનસિંહભાઈ પરમાર ઉપસ્થિત રહીને ૧૪ ઓગસ્ટના "વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ" ને યાદ કરી ભાગલાં સમયે પોતાનાં ઘરબાર, જરજમીન, માલમિલકત છોડીને ભાગેલા લોકોએ જે યાતનાઓ વેઠી તેમજ તત્કાલીન સમયે હિંસાનો ભોગ બનેલાં હુતાત્માઓનાં આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી દુ:ખ વ્યકત કરી આ કરૂણ દિવસને યાદ કરેલ, કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓ અને નિવૃત ભારતીય સેનાના જવાનોને આવકારીને તેઓને સન્માનિત કરી વિભાજન સમયની વાત સાથે પીડિતોના સંઘર્ષ, ત્યાગ અને અદમ્ય સાહસને વંદન કર્યા હતા, આ બેઠકમા ધારી /બગસરાના ધારાસભ્યશ્રી જે. વી. કાકડીયા, જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી,પ્રદેશ ભાજપ યુવા મોર્ચાના ઉપાધ્યક્ષ શ્રી મનિષભાઈ સંઘાણી, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોર્ચાના મંત્રીશ્રી મયુરભાઈ માંજરીયા સહીત આગેવાનો, કાર્યકર્તાઓ, મંડલ પ્રમુખશ્રીએ, પૂર્વ પ્રમુખશ્રીઓ અને ચુટાયેલા સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ.

ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

# શ્રદ્ધાંજલી



# સ્વ.ડો. જશ જેન્તીભાઇ ઉનાવા

(ઉ.વ.૪૨) સ્વ. તા. ૧૫/૮/૨૦૨૪

**આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં**
**તમારી અણધારી વસમી વિદાય જીવનમાં**
**શુન્યાવકાશ સર્જી ગઇ. પ્રભુ તમારા દિવ્ય**
**આત્માને પરમ શાંતિ અર્પે. હજુ પણ તમે છો**
**અને સદૈવ અમારા અંતરપટ પર રહેશો**
**એ જ અમારી અશ્રુભીની આંખે પ્રાર્થના..**

હસુભાઇ જેન્તીભાઇ ઉનાવા (ભાઇ)
નિકુલભાઇ જેન્તીભાઇ ઉનાવા (ભાઇ)
કેનિલભાઇ જસભાઇ ઉનાવા (પુત્ર)

પર્વભાઇ નિકુલભાઇ ઉનાવા (ભત્રીજા)
સ્વાધિનભાઇ જસભાઇ ઉનાવા (પુત્ર)
પ્રાંશુભાઇ હસુભાઇ ઉનાવા (ભત્રીજા)

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# આર્શિવાદ આપજે કાન..

હે કૃષ્ણ પરમાત્મા અમે આધુનિક યુગમાં રહીએ છીએ જીવીએ છીએ અમે આ યુગમાં ગોપીઓ જેવો રાસ ન રમાડી શકીએ માં યશોદા જેવા લાડ તો ન લડાવી શકીએ નરસિંહ મહેતા જેવું ભજન તો ન રચી શકીએ પણ દિલથી ભક્તિ કરીએ આર્શીવાદ આપજે કાન...નરસિંહ મહેતા મા યશોદા રાધાજી ગોપીઓ દિલથી સ્નેહ વરસાવતા અમે એવો સ્નેહ કદાચ ન કરી શકીએ પણ દિલથી યાદ કરીએ આર્શીવાદ રાખજો કાન.. સુદામા જેવી દોસ્તી ના નિભાવી શકીએ બલરામ જેવા ભાઈને બની શકે રાધા જેવો પ્રેમ ન આપી શકીએ પણ વિનંતી કરીએ કે જાણતા જાણતા અમારાથી ભૂલ થઈ હોય તો માફ કરજે કાન આર્શિવાદ સદાય રાખજે કાન...

મલય એમ વ્યાસ...

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# રોયલ બ્રાઈડલ સ્ટુડીયો

**સ્થળ : મહાકાળી શોપીંગ સેન્ટર, હાથસણી રોડ, શોપ નં. 111-112-113-114, સાવરકુંડલા**

**રીતુ પંડયા - મો. 75740 94335**

ROYAL BRIDAL STUDIO

## ઓફર... ઓફર... ઓફર...

### હેર ટ્રીટમેન્ટ



હેર કટ / હેર વોશ / બ્લોડ્રાય ______ 299

હેર સ્પા (એની લેન્થ) ______ 499

સ્મુથનીંગ (એની લેન્થ) ______ 1999

કેરાટીન (એની લેન્થ) ______ 1499

### સ્કિન ટ્રીટમેન્ટ



ફેશિયલ/ શાઈનર/ વેક્સ ______ 599

વેક્સ સાથે આઈબ્રો ફ્રી ______ 150

ક્લીનઅપ + વેક્સ ______ 299

**નેઈલ એક્સટેન્શાન માત્ર 399**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 79 માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પ્રજા જોગ સંદેશ...



15 ઓગસ્ટ 2025 ની ગુજરાત રાજ્યની ઉજવણી પોરબંદર ખાતે થવાની છે ત્યારે વંદન તને પોરબંદર ભવ્ય સંસ્કૃતિ કાર્યક્રમ પૂર્વ સંધ્યાએ યોજાયો હતો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશના ૭૯માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાજયની જનતાને શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીએ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ-સંધ્યાએ ગુજરાતના નાગરિકોને રાષ્ટ્ર હિત પ્રથમનો ભાવ હરહંમેશ હૈયે રાખવાનું આહ્વાન કરતો પ્રજાજોગ સંદેશ પાઠવ્યો છે.આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પૂર્ણ કરીને લહને ભારત દેશ સ્વતંત્રતાની શતાબ્દી તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. આજે ભારત દેશ વિકાસની હરણફાળ ભરીને વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન અને પામવા માટે સક્ષમ બન્યો છે, તેમ રણ જણાવી મુખ્યમંત્રીએ આઝાદીનું વટવૃક્ષ સિંચનારા દેશના ક્રાંતિવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્ર પુરુષોના ત્યાગ, તપસ્યા અને બલિદાનનેબિરદાવ્યા હતા. તેઓએ આ પ્રજાજોગ સંદેશ જણાવ્યું હતું કે, ગુજરાતના મારા વ્હાલા સૌ નાગરિક ભાઈઓ બહેનો, સ્વતંત્રતાના ૭૯માં પર્વની, આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ., આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પૂર્ણ કરીને આપણે સ્વતંત્રતાની શતાબ્દી તરફ આગે કદમ ભરી રહ્યા છે.આજે આપણો દેશ વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન પામવા સક્ષમ બન્યો છે. વૈશ્વિક વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. તેના પાયામાં પોતાના લોહી-પરસેવાથી આઝાદીનું વટવૃક્ષ સિંચનારા ક્રાંતિવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્ર પુરુષોના ત્યાગ, તપસ્યા અને બલિદાન પડેલા છેઆતંકવાદ કે દેશની સુરક્ષા-સલામતિ સામેનો કોઈ કાંકરી ચાળો ભારતમાં ચાલશે નહીં એવો સાફ સંકેત વડાપ્રધાનશ્રીએ દુનિયાને આપી દીધો છે.માનવ જીવન અને જમીન બેયના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી, આત્માનિર્ભરતા સાથે સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન અને તેના વ્યાપક ઉપયોગ માટે વોકલ ફોર લોકલ, સ્વચ્છતા સાથે રાષ્ટ્રપ્રેમ ઉજાગર કરતું હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા અભિયાન, આવા રાષ્ટ્રહિત, સંકલ્પોથી વિકસિત ભારત ૨૦૪૭ના નિર્માણની વડાપ્રધાનએ હાકલ કરી છે., ૭૯માં સ્વાતંત્ર્ય પર્વે આપણે સંકલ્પ લઈએ, વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં તન, મન અનેધનથી સમર્પિત રહીશું., ફરી એકવાર આપ સૌને સ્વતંત્રતા દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ., ભારત માતાકી જય... વંદે માતરમ... જય જય ગરવી ગુજરાત...

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અતિ મોકાની દુકાન ભાડે આપવાની છે...

**દરેક ધંધાને અનુકુળ,**
**ત્રણ માળવાળી,**
**નદી બજાર,**
**રજકાપીઠ, સાવરકુંડલા.**

## : સંપર્ક :

**મો. ૯૯૭૯૩ ૧૦૮૯૬**
**૯૧૦૬૬ ૭૬૮૩૨**

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આજરોજ તારીખ 13 ઓગસ્ટ 2025 ના રોજ સંયુક્ત કિસાન મોરચાના રાષ્ટ્રીય એલાન કોર્પોરેટ્સ ભારત છોડો ના ઉપક્રમે ઓલ ઈન્ડિયા કિસાન ખેત મજદૂર સંગઠન દ્વારા જાબાળ (તા. સાવરકુંડલા) ખાતે રેલી- પ્રોસેશનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો




જેમાં જાબાળ ગામના કિસાનો તેમજ આજુબાજુના ગામ શાંતિનગર, અભરામપરા, આંબરડી ગામોના કિસાનો પણ જોડાયા હતા જાદવ શિરોયા (સંયોજક સાવરકુંડલા), મહેશ ચોડવડીયા (અમરેલી જિલ્લા ખેડૂત આગેવાન), મનુભાઈ માલાણી, જીગ્નેશ શિરોયા, પ્રવીણ માલાણી, ઘનશ્યામ શિરોયા, ભોળાભાઈ ભરવાડ, નરેશભાઈ રાઠોડ, ગોરધનભાઈ શેલડીયા, ધીરુભાઈ ખડદીયા (જાબાળ), લાલજીભાઈ ચોડવડીયા આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો આ રેલીમાં જોડાઈને કોર્પોરેટ્સ ભારત છોડો, કોર્પોરેટ્સ ભગાવો-ખેતી બચાવો, ખાતર -પાણી -વીજળી પૂરતા પ્રમાણમાં સમયસર પુરા પાડો, સ્માર્ટ મીટર રદ કરો, કિસાન એકતા જિંદાબાદ, ઈન્કલાબ જીન્દાબાદ જેવા નારાઓ બોલાવ્યા હતા ખેડૂત આગેવાન મહેશ ચોડવડીયા એ હાલની પરિસ્થિતિ એ સમગ્ર સૌરાષ્ટ્રની અંદર વરસાદની ખૂબ ખેંચ પડી છે ત્યારે સરકારની ગાઈડલાઈન મુજબ સતત ચાર અઠવાડિયા ઉપરનો સમય થઈ ગયો છે વરસાદની ખેંચ પડી એને ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રને અછતગ્રસ્ત જાહેર કરવા જાહેરમાં વાત કરેલી, ચાલુ વર્ષ 2025-26 માં મે મહિનામાં કમોસમી વરસાદથી ખૂબ મોટા પાયે ખેતી પાકમાં વ્યાપક નુકસાન થયેલ જેનો સર્વે પણ સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ પરંતુ આજ દિન સુધી સરકાર દ્વારા કોઈ સહાય રાહત પેકેજની જાહેરાત કરવામાં આવેલ નથી તો સરકાર શ્રી તાત્કાલિક ધોરણે સહાય રાહત પેકેજની જાહેરાત કરે, અમરેલી જિલ્લાના તમામ ડેમો સૌની યોજના અંતર્ગત પાણીથી ભરીને સિંચાઈ માટેનું પાણી ખેતરે ખેતરે પહોંચાડવામાં આવે, ખેતી પાકોને વ્યાપક નુકસાન કરતા એવા રોજ અને ભૂંડનો ત્રાસ મટાડવામાં આવે, આ મોંઘવારીના યુગમાં તમામ ખેતી પાકોના પૂરતા ભાવ આપવામાં આવે આવા અનેક ખેતી અને ખેડૂતોને સ્પર્શતા સળગતા સવાલોની ચર્ચા કરવામાં આવેલ તેમજ ધીરુભાઈ ખડદીયા એ ગામડે ગામડે કિસાન કમિટી બનાવી ખેડૂત ના સળગતા સવાલોની તાલુકા- જિલ્લા- રાજ્યકક્ષાએ રજૂઆત કરવા પર વાત કરેલ આ સમગ્ર કાર્યક્રમ ગુજરાત રાજ્યના ઓલ ઈન્ડિયા કિસાન ખેત મજદૂર સંગઠનના સંયોજક એવા કનુભાઈ ખડદીયાના માર્ગદર્શન તળે સાવરકુંડલા તાલુકાના સંયોજક એવા જાદવ શિરોયા ની અધ્યક્ષતામાં સારી રીતે સંપન્ન થયો હતો.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ચાલુ વર્ષ - ૨૦૨૫માં જન્માષ્ટમીના તહેવારો દરમિયાન નિગમ દ્વારા અંદાજે ૧૨૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપો સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે અમદાવાદ, રાજકોટ, સુરત, મહેસાણા, વડોદરા જેવાં મોટા શહેરી વિસ્તારોમાં જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સંચાલન કરવાનું એસ.ટી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જન્માષ્ટમીના તહેવાર દરમિયાન ડાકોર, દ્વારકા, શામળાજી તેમજ મહત્વના જિલ્લા-તાલુકા કક્ષાના સ્થળોએ જરૂરિયાત મુજબ એક્સ્ટ્રા બસો સંચાલન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નાગરિકોની જરૂરિયાતો અને સલામતીને ધ્યાને રાખીને ગત વર્ષે જન્માષ્ટમીના તહેવારમાં ૧000 ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે આ વર્ષે નાગરિકોની જરૂરિયાતને ધ્યાને રાખીને ૧૨૦૦ ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ : 15/08/2025
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
નો નેગેટીવ ન્યુઝ
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ચામુંડા ડેકોરેશન & કેક શોપ

હાંડીવાળી ક્રીમ કેક - રૂા. 270 - 500 ગ્રામ

રિસેપ્શન પાર્ટી * બર્થ ડે પાર્ટી
* ઓપનીંગ સેરેમની * એનીવર્સરી
* બેબીશાવર * રૂમ ડેકોરેશન
બલુન ડેકોરેશન તથા અન્ય
શુભ પ્રસંગે ડેકોરેશન માટે મળો..

**ચાવડા સુનીલ**

મો. 76007 59023/99253 03004

મણીભાઇ ચોક, સુર્યનિવાસ કોમ્પ્લેક્ષ,
ગૌશાળા રોડ, સાવરકુંડલા.

તારીખ : 15/08/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ટ્રસ્ટ દ્વારા

## સાવરકુંડલામાં યોજાશે 97 મો વાર્ષિકોત્સવ અને ભવ્ય અંગ કસરત નો શો.

શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ટ્રસ્ટ દ્વારા 97 વાર્ષિકોત્સવ અને ભવ્ય અંગ કસરતનો શો યોજાશે સાવરકુંડલા શહેરના બાળકોને યુવાનોની તંદુરસ્તી માટે 97 વર્ષથી કાર્યરત વ્યાયામ શાળામાં 97 પારંપરિક વાર્ષિક ઉત્સવ ઉજવી રહ્યા છીએ તો આ કાર્યક્રમમાં સાવરકુંડલાની જનતા ને પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે જેમાં જન્માષ્ટમી ઉત્સવનો કાર્યક્રમ તારીખ 15 ઓગસ્ટ 2025 શુક્રવારના રોજ યોજાશે જેમાં ધ્વજ વંદન સવારના 9:30 કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રીના 8:30 કલાકે જ્યારે તારીખ 16 ઓગસ્ટ 2025 શનિવારના રોજ સવારના 8:30 કલાકે પ્રભાત ફેરી સંસ્થાગત અથવા ધ્વંદન સવારના 9:30 કલાકે સાધારણ સભા સવારના 10:30 કલાકે અને અંગત કસરતનો ભવ્ય શો 16 ઓગસ્ટ 2025 રાત્રિના 8:30 કલાકે આ સમારંભના અધ્યક્ષ માનનીય શ્રી ગોપાલભાઈ વસ્તપરા ચમારડી વાળા હાલ સુરત છે જ્યારે અતિથિ વિશેષમાં માનનીય શ્રી સ્નેહલભાઈ કરસાલા સુરત છે તો આ વાર્ષિક ઉત્સવ અને ભવ્ય અંગ શો માં મોટી સંખ્યામાં યુવાન નો ને ઉપસ્થિત રહેવા જન્માષ્ટમીની ઉત્સવ કમિટી અને ટ્રસ્ટ સંચાલિત વિભાગના વડાઓ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

બ્રાન્ડેડ A4 પેકેટ ₹ 175 મીનીમમ 10 પેકેટ થી શરૂ

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય શ્રી સતી માં

**આવી રહ્યો છે... ગ્રાહકો ના ઘરે ઘરે આનંદોત્સવ**

**સૌભાગ્યનો સંદેશ આવી ગયો છે... આપનું ભાગ્ય ચમકી રહ્યું છે...**

"સોના થી સમૃદ્ધિ ચમકે, સંપત્તિ ચમકે, સૌંદર્ય ચમકે,
સુરક્ષા ચમકે, શ્રૃંગાર ચમકે...પણ હવે "સૌભાગ્ય" પણ ચમકશે!"




## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ – 2025

તો એડવાન્સ બુકિંગ ની શુભ શરુઆત થઈ ગઈ છે
તો એડવાન્સ બુકિંગ માટે આજે જ અમારા શો - રૂમ માં પધારો

**જેમાં છે બમ્પર ઈનામો નો વરસાદ.. જેમાં છે. 1 થી 5 બમ્પર ઈનામ**
**6 મારુતિ અલ્ટો30 * 7 એકટીવા 90 * 8તથા અન્ય મોટા ઈનામો**

AR JEWELLERS

# એ.આર. જવેલર્સ

**રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.**

**મો. 98244 46074/94286 18687**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાળંગપુર કષ્ટભંજનદેવને 1000 કિલો શાકભાજીનો શણગાર કરાયો...



સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત બોટાદ જિલ્લાના સુપર સિદ્ધ યાત્રાધામ સારંગપુર ધામ ખાતે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે શ્રાવણ માસના રાંધણ છઠ્ઠના દિવસે શ્રીકષ્ટભંજન દેવને 1 હજાર કિલોથી વધુ વિવિધ શાકભાજીનો શણગાર, રાજકોટમાં એક અઠવાડિયે તૈયાર થયેલા વિશેષ વાઘા હનુમાનજીને પહેરાવ્યાશ્રી શિક્ષાપત્રી લેખન એવં આચાર્યપદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલધામના ઉપક્રમે સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ. પૂ. શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસના તારીખ 14-08-2025ને ગુરુવારના રોજ રાંધણ છઠ્ઠના પવિત્ર દિવસે સુરણ,રીંગણ,ટામેટા,શકરીયા,ગુવાર,દુધી, બીટ,મૂળા વિગેરે વિવિધ શાકભાજીનો શણગાર કરાયો એવં શાકભાજીની હાટડી છે. આજે સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી(અથાણા વાળા)દ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કર્યો છે.આજે કરાયેલા દાદાના શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, શ્રાવણ મહિનાના પવિત્ર રાંધણ છઠ્ઠના દિવસે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને 1 હજાર કિલોથી વધુ વિવિધ શાકભાજીનો સિંહાસને શણગાર કરાયો છે. આ શાકભાજી વડોદરાના પાદરાથી ભક્તોએ મોકલ્યા છે. તો દાદાને શાકભાજીની થીમવાળા વિશેષ વાઘા પણ પહેરાવ્યા છે. આ વાઘા રાજકોટમાં એક ભક્તે એક અઠવાડિયાની મહેનતે બનાવ્યા છે. આ શણગાર કરતા 6 સંતો, પાર્ષદ અને ભક્તોને ચાર કલાકનો સમય લાગ્યો હતો. આ શાકભાજી ભક્તોને પ્રસાદ તરીકે વિતરણ કરાશે. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને કષ્ટભંજન દેવના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી જય શ્રી રામ જય કષ્ટભંજન દેવ નો નાદ ગુંજી ઉઠ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક
સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
મેક અપ કીટ કેક - ફોટો કેક

અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ



નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રી પી.પી.એસ.હાઈસ્કૂલ વંડામાં ૭૯માં ૧૫મી ઓગષ્ટની સ્વાતંત્ર્યપર્વની ઉલ્લાસભેર ઉજવણી





સાવરકુંડલા તાલુકાની શ્રી પી.પી.એસ.હાઈસ્કૂલ વંડામાં ૭૯માં ૧૫મી ઓગષ્ટની સ્વાતંત્ર્યપર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ તેમજ શાળા પરિવાર , વાલીગણ ,ગામજનો અને શાળાના મે.ટ્રસ્ટીશ્રી મનજીબાપા તળાવિયાની ઉપસ્થિતિમાં શાળાના વિદ્યાર્થી જનકભાઈના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. બાદ ધવજવંદન ,રાષ્ટ્રગીત , પરેડ,માર્ચિંગ વિગેરે યોજવામાં આવ્યા હતા. આ તકે શાળાના શિક્ષક શ્રી પ્રવીણભાઈ ઝીઝુંવાડીયાએ વીર સપુતોને શ્રદ્ધાંજલી આપી બાળકોને દેશના દરેક ક્ષેત્રે આગળ આવવા હાંકલ કરી હતી. શાળાના વાલી મંડળના પ્રમુખ અરવિંદભાઈ તળાવિયાએ દેશ અને સમાજ પ્રત્યેની ફરજો વિશે વક્તવ્ય આપી તમામ સાંસ્કૃતિક કાર્યક્રમોને ૧૫૦૦ રૂપિયાનું ઈનામ આપ્યું હતું. શ્રી જગજીવનભાઈ ગજેરાએ બાળકો અને યુવા પેઢીઓને પર્યાવરણનું રક્ષણ તેમજ સોશીયલ મીડીયાનો દુરપયોગ બંધ કરવા અપીલ કરી કરી હતી. શાળાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મનજીબાપાએ શહીદોને યાદ કરી આ અનમોલ આઝાદી ટકાવી રાખવા તેમજ યુવા પેઢીઓને વ્યસનમુકત થવા હાંકલ કરી હતી.કાર્યક્રમ દરમિયાન શાળાની બહેનોએ વકત્વ્યો, દેશભક્તિ ગીતો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.ટ્રસ્ટ સંચાલિત શ્રી વિવેકાનંદ પ્રાથમિક શાળાના ભુલકાઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી . સમગ્ર કાર્યક્રમને શાળા પરિવાર વતી રૂ.૫૦૦ ,મનજીબાપા તળાવિયા તરફથી રૂ. ૧૫૦૦, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીનું સંગઠન કર્મયોગ ગ્રુપ દ્વારા રૂા. ૧૫૦૦ રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના ભૂતપુર્વ શિક્ષક શ્રી લાઠીયાબાપુ તરફથી અર્થશાસ્ત્ર,સંસ્કૃતમાં હોંશીયાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો તેમજ એસ.પી.સી.તરફથી વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાંઆવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન શ્રી રોહીતભાઈ ઓઝાએ કર્યુ હતુ. શ્રી દુષ્યંતભાઈ સોલંકી હરીઓમ મેડીકલ-વંડા તરફથી સહુ બાળકોને મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતુ.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

**શિવમ**

**ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ**

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 15/08/2025

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# પ્રભુ નો પ્રસાદ



કાઠી ક્ષત્રિય ના મોભી સ્વ.બબલાભાઈ ટી.ખુમાણ નીપુણ્ય તિથિ નિમિતે આજ નો પ્રભુ નો પ્રસાદ ના દાતા થવા બદલ અજયભાઈ બબલાભાઈ ખુમાણ (પૂર્વ સરપંચ-જાબાળ) સંસ્થા આપનો હદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે... તેમજ આજ ની સેવા મા અરવિંદભાઈ મેવાડા, પપ્પુભા જાડેજા,નિતીનભાઈ હેલૈયા સેવા આપી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સ્વાતંત્ર્ય લડતનો દીવો પ્રજ્જવલ્લિત રાખ્યો



બ્રિટિશ હકૂમત સામે બંડ પોકારતા ગીત 'ટોપીવાળાનાં ટોળા ઊતર્યાં' લીધે અમરેલીના કવિ હંસને અંગ્રેજોએ જેલમાં પૂરી દીધા હતા---પરદેશી ભૂખ્યા ટોપીવાળાના ટોળા ઊતર્યા, ઉતરિયા કંઈ આથમણે ઓવારે રે... પૂરી પનોતી બેઠી દેશની અટારીએ કંઈ ભેરવના ભણકાર રે... કવિ હંસનું આ ગીત આઝાદીની લડતમાં સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ થયું હતું.----રાષ્ટ્રપિતા ગાંધીજીના સાંનિધ્યમાં વીતાવ્યો હતો સમયઃ સ્વતંત્રતાના મહાસંગ્રામમાં અંગ્રેજોને પરેશાન કરી મૂક્યા હતા----સારંગી પણ વગાડી શકતા તેવા કવિ હંસના દળદાર કાવ્ય સંગ્રહ હંસનામા ૮૮૦ પાનાનો હતો વર્ષ ૧૯૩૮માં પ્રકાશિત થયો----આલેખનઃ જય મિશ્રા---અમરેલી, તા.૧૪ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર) 'પરદેશી ભૂખ્યાં ટોપીવાળાના ટોળાં ઊતર્યાં, ઉતરિયા કંઈ આથમણે ઓવારે રે, પૂરી પનોતી બેઠી દેશની અટારીએ ભેરવના ભણકાર રે, ઘેરઘેર તે ઘુવડ બોલિયાં, રોવા લાગ્યાં શ્વાન ને શિયાળ રે... આ ગીત આઝાદીના લડવૈયાઓ માટે એવું તે પ્રચલિત થયું કે સ્વાતંત્ર્ય સેનાનીઓના માનસ પર પ્રસિદ્ધિ પામ્યું. પરિણામે અંગ્રેજ હકૂમતે આ ગીત લખનારા કવિને જેલમાં મોકલી દીધા. આ કવિ એટલે અમરેલીના હંસરાજ હરખજી કાનાબાર એટલે કે 'કવિ હંસ'૧૫ ઓગસ્ટને દેશમાં સ્વાતંત્ર દિન તરીકે ઉજવવા માટે સમગ્ર દેશ થનગનાટ કરી રહ્યો છે ત્યારે આઝાદીની ચળવળમાં અનેક રત્નોએ પોતાનું યોગદાન આપ્યું હતું. આઝાદી માટે પોતાના જીવન સહિત અનેક કુરબાની આપનારા રત્નોને યાદ કરવાનો અવસર છે. આઝાદીની લડાઈમાં સૌરાષ્ટ્રના અમરેલીના કવિ હંસનું યોગદાન એવું હતું કે, અંગ્રેજો તેનાથી પરેશાન થઈ ઉઠ્યા હતા. કવિ હંસના ગીતોએ અમરેલી અને સૌરાષ્ટ્રની સત્યાગ્રહની લડતો સમયે પ્રજામાં પ્રાણ પૂરવાનું કામ કર્યું હતું. સ્વતંત્રતાના મહાસંગ્રામમાં અમરેલી પુસ્તકમાં શ્રી મહેબુબભાઈ દેસાઈએ કવિ હંસ વિશે લખ્યું છે કે, કવિ હંસરાજ હરખજીનો જન્મ ઈ.સ. ૧૮૯૨માં અમરેલીમાં થયો હતો. તેમનું શિક્ષણ મેટ્રિક સુધીનું હતું. છ વર્ષની વયે આંખો ગુમાવી દીધી હોવા છતાં પુરુષાર્થ અને રાષ્ટ્રભાવનાથી રંગાયેલા કવિ હંસ આ ભૂમિનું ઘરેણું હતા. તેઓ રાષ્ટ્રપિતા ગાંધીજીના સાંનિધ્યમાં થોડો સમય આશ્રમમાં પણ રહ્યા હતા. યુકેથી પ્રસિદ્ધ થતાં ઓનલાઈન ઓપિનિયન મેગેઝિનમાં શ્રી દીપક મહેતાએ કવિ હંસ વિશે લખ્યું છે કે, કવિ હંસ એ અમરેલી શહેરમાં આવેલી ભાટિયા શેરીમાં એક મકાનમાં તેમના એકમાત્ર બહેન ગોદાવરી બહેન અને તેમના પતિ કાનજીભાઈ, તથા ભાણેજ અમૃતલાલ સાથે રહેતા હતા. ત્યારબાદ સંગીતના ટ્યૂશન આપવા માટે તેમણે મુંબઈ પ્રસ્થાન કર્યું હતું. કવિ હંસ લિખિત દળદાર કાવ્ય સંગ્રહ હંસનામા ૮૮૦ પાનાનો હતો અને તે વર્ષ ૧૯૩૮માં પ્રકાશિત થયો હતો. કવિ હંસે, માતૃભાષા ઉપરાંત અંગ્રેજીમાં પણ કાવ્યો લખ્યા હતા. વર્ષ ૧૯૪૦માં અંગ્રેજીમાં દોઢસો કાવ્યો લખનારા કવિ હંસ સારા ગાયક પણ હતા. આઝાદીની આહેલકમાં કવિ હંસે સૌરાષ્ટ્રમાં પોતાના ગીતો અને કવિતાઓના જોરે મહત્વની ભૂમિકા ભજવી હતી. 'પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળા ઊતર્યાં, ઉતરિયા કંઈ આથમણે ઓવારે રે, પરદેશી ભૂખ્યાં ટોપીવાળાના ટોળા ઊતર્યા.પૂરી પનોતી બેઠી દેશની, અટારીએ કંઈ ભેરવના ભણકાર રે... પરદેશી. ઘેરઘેર તે ઘુવડ બોલિયાં, રોવા લાગ્યા શ્વાન ને શિયાળ રે.... પરદેશી. ધરતી રુવે મેલીને ધ્રુસકાં, અધર્મીના આનંદનો નહિં પાર રે... પરદેશી. આવ્યા ઓઢીને એવી કાંચળી, ઓળખાય નહિં ભારતમાં ભોરીંગ રે...પરદેશી... એવે આવ્યા ગાંધીજી મોખરે દેશ આખાની ઉડાડી દીધી ઊંઘ રે.. પરદેશી. પાયા ડગમગિયા બ્રિટિશ રાજના, ડોલતા એના સિંહાસન દેખાય રે.. પરદેશી.... કવિ હંસ વિશે અમરેલીના લેખક શ્રી છેલભાઈ વ્યાસ હંસનામા રિપ્રિન્ટ અને સ્મરણ સંપદામાં બે લેખ લખ્યા છે. તેઓ જણાવે છે કે, હંસ એ એક સમર્થ કવિ હતા. તેમની કવિતા અને ગીતોના કારણે તેમને અંગ્રેજોએ બેવાર જેલમાં મોકલ્યા હોવાનો ઈતિહાસ છે. અમરેલી શહેરમાં તેઓ જે ભાટિયા શેરીમાં રહેતા ત્યાં લોકપ્રિય કવિ રમેશ પારેખ પણ રહેતા હતા. 'છ અક્ષરનું નામ' એવા અમરેલીના કવિ શ્રી રમેશ પારેખે આ વિસ્તારને કવિ હંસમાર્ગ તરીકે નામ અપાવ્યું હતું. કવિ હંસ સારા ગાયક હોવાની સાથે તેઓ સારંગી પણ વગાડતા હતા. આ અંગે અમરેલીના ડૉ. ભરત કાનાબાર જણાવે છે કે, કવિ હંસ મારા પિતાના પિતરાઈ ભાઈ હતા. મારા પિતા મુંબઈથી અમરેલી આવી અને વસ્યા હતા જ્યારે કવિ હંસ અમરેલીથી મુંબઈ આવી અને ત્યાં સ્થાયી થયા હતા.કવિ હંસના સૌથી શ્રેષ્ઠ પુસ્તક હંસનામામાં લોકપ્રિય ગીત 'ટોપીવાળાના ટોળા ઊતર્યાં' પ્રતિબંધ હોવાથી પ્રથમ આવૃત્તિમાં પ્રકાશિત થયું નહોતું. પ્રાપ્ત વિગતો મુજબ તેમનું આ ગીત ગાંધીજીને પણ ખૂબ પ્રિય હતું.અમરેલીમાં તેઓ રહેતા ત્યારે બ્રેઈલ લિપીની સગવડ ન હોવાથી તેમના મોટાભાગના સર્જનોને પ્રકાશન કરવાની તક મુંબઈ ગયા પછી મળી હતી. સારા ગાયક અને સંગીતકાર તરીકે નામના પ્રાપ્ત કરનાર શ્રી હંસરાજ હરખજી કાનાબારનું અવસાન પણ ભજન ગાતી વેળાએ ભાવુક થઈ જતા થયું હોવાનું નોંધાયું છે. અમરેલીના આ કવિ હંસના રાષ્ટ્રપ્રેમ અને ગીતો તેમજ કવિતાઓએ આઝાદીની ચળવળમાં સૌરાષ્ટ્રની ધરતી પર લડતનો દીવો પ્રજ્જવલ્લિત રાખવામાં ઈંધણનું કામ કર્યું હતું. આઝાદીના ૭૮ વર્ષ બાદ સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયાઓને સાહિત્યકારો-કવિઓ શૌર્યથી યાદ કરે

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## Chauhan Dishant Narendrabhai (Luhar)

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 15 ઓગષ્ટ

# મહત્વની ઘટનાઓ

૧૫૧૯ – પનામા, પનામા શહેરનો પાયો નંખાયો.

૧૯૧૪ – પનામા નહેર આવાગમન માટે ખુલ્લી મુકાઈ, 'એન્કોન' નામક પ્રથમ માલવાહક જહાજ નહેરમાંથી પસાર થયું.

૧૯૪૫ – દ્વિતીય વિશ્વયુદ્ધ: જાપાન પરનો વિજયદિન – જાપાને શરણાગતિ સ્વીકારી.

૧૯૪૫ – દ્વિતીય વિશ્વયુદ્ધ: કોરિયા મુક્તિ દિવસ.

૧૯૪૭ – બ્રિટિશ તાજ અને કંપની શાસનના લગભગ ૧૯૦ વર્ષ પછી ભારતને બ્રિટિશ શાસનથી સ્વતંત્રતા મળી અને બ્રિટિશ રાષ્ટ્રસંઘનું સભ્ય બન્યું.

૧૯૪૭ – પાકિસ્તાનના સ્થાપક મહમદ અલી ઝીણાએ કરાચીમાં પાકિસ્તાનના પ્રથમ ગવર્નર જનરલ તરીકે શપથ લીધા.

૧૯૪૮ – પ્રથમ કોરિયા પ્રજાસત્તાક (દક્ષિણ કોરિયા)ની સ્થાપના કરવામાં આવી.

૧૯૫૦ – ભારતના આંધ્ર પ્રદેશમાં શ્રીકાકુલમ જિલ્લાની રચના કરાઈ.

૧૯૬૯ – ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઈસરો)ની સ્થાપના કરવામાં આવી.

૧૯૭૫ – બાંગ્લાદેશમાં સેનાએ બળવો કર્યો, શેખ મુજીબુર રહેમાન અને તેમનાં કુટુંબની હત્યા કરાઈ, એકમાત્ર તેમનાં પુત્રી "હસીના વાજિદ" બચી ગયા.

૧૯૭૫ – હિન્દી ચલચિત્ર શોલે થિયેટરમાં રજૂ કરાઈ.

૧૯૮૫ – આસામ સમજૂતી પર હસ્તાક્ષર, ભારત સરકારના પ્રતિનિધિઓ અને આસામ ચળવળના નેતાઓ વચ્ચે આંદોલનનો અંત લાવવા માટે સમજૂતી.

૨૦૨૦ – મહેન્દ્ર સિંઘ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.

**જન્મ**

૧૭૬૯ – નેપોલિયન બોનાપાર્ટ, ફ્રેન્ચ લશ્કરી વડો (અ. ૧૮૨૧)

૧૭૯૮ – સંગોલી રાયન્ના, ભારતીય યોદ્ધા (અ. ૧૮૩૧)

૧૮૭૨ – શ્રી અરવિંદ (શ્રી ઓરબિન્દો), ભારતીય લેખક અને તત્વચિંતક (અ. ૧૯૫૦)

૧૮૭૩ – રામપ્રસાદ ચંદા, ભારતીય પુરાતત્ત્વવિદ અને ઈતિહાસકાર (દ. ૧૯૪૨)

૧૯૦૪ – આસિમ રાંદેરી, ગુજરાતી કવિ, ગઝલકાર અને સંપાદક (અ. ૨૦૦૯)

૧૯૪૫ – ખાલિદા ઝિયા, બાંગ્લાદેશી રાજકારણી, બાંગ્લાદેશના ૧૦મા વડા પ્રધાન

૧૯૪૭ – રાખી ગુલઝાર, ભારતીય ફિલ્મ અભિનેત્રી

૧૯૭૧ – અદનાન સામી, પાકિસ્તાની મૂળના ભારતીય ગાયક, સંગીતકાર, પિયાનોવાદક અને અભિનેતા

૧૯૭૫ – વિજય ભારદ્વાજ, ભારતીય ક્રિકેટર

**અવસાન**

૧૯૪૨ – મહાદેવભાઈ દેસાઈ, મહાત્મા ગાંધીના અંગત મદદનીશ. (જ. ૧૮૯૨)

૧૯૪૭ – સરદાર અજીત સિંઘ, ક્રાંતિકારી, ભારતીય રાષ્ટ્રવાદી (જ. ૧૮૮૧)

૧૯૭૫ – શેખ મુજીબુર રહેમાન, બંગાળી રાજકારણી, બાંગ્લાદેશના પ્રથમ રાષ્ટ્રપતિ (જ. ૧૯૨૦)

૨૦૦૪ – અમરસિંહ ચૌધરી, ભારતીય રાજકારણી, ગુજરાતના ૮મા મુખ્યમંત્રી (જ. ૧૯૪૧)

**તહેવારો અને ઉજવણીઓ**

ભારત: સ્વતંત્રતા દિન

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વિરહ વેદના

**અંતર્યામી !**

**મારા અંતરનાં પ્રત્યેક સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવોને આપ ક્યાં નથી જાણતાં! બધું જાણો છો. આપથી અજાણ્યું કાંઈ નથી. આપને મળવાની અને આપમાં ભળવાની મારી લગનીનો આપને પૂરેપૂરો ખ્યાલ છે. મારા દ્વારા અત્યારે લખાઈ રહેલાં પ્રાર્થનાનાં પત્રને પણ આપ વાંચી રહ્યા છો. તો પછી મારી સમક્ષ પ્રગટ થઈને મને અપનાવવામાં આપને ક્યો સંકોચ થાય છે? શું મને આપનાં દર્શનથી વંચિત રાખીને રડાવવામાં જ આપને આનંદ આવે છે, નાથ ? તો ભલે હું રડ્યા કરીશ. બીજું તો હું કરી પણ શું શકું ?**

**પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ**
(- બ્ર. પૂ. પા. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના કૃપાપાત્ર સદ્દશિષ્ય શ્રી)



Guru Sannidhya
સાનિધ્ય એન્ડ્રોઈડ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે આ QR સ્કેન કરો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરુદેવ કહે છે

"જે મસ્તીને મર્યાદાનું બંધન ન હોય એનું નામ ? **સ્વચ્છંદતા.**"



## આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ

તારીખ : 15/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 15/08/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

તારીખ : 15/08/2025

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**